**ફોજદારી કેશ નંબર : ૬૨૧/૨૦૨૬**

<u>**આંક–૧ લગત હુકમ**</u>

આરોપીનાઓ સામે ગુજરાત નશાબંધી અધિનિયમ **કલમ–૬૬(૧)(બી)**ના ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબંધની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીશ આ અદાલતમાં આપેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતાં તે મંજુર કરવામાં આવે છે અને આરોપીને તેમની સામેના ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ : **૬૬(૧)(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે કબુલાત આધારે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

વધુમાં આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છેકે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે તેમજ તેમની ઉપર કુંટુંબની જવાબદારી છે અને ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

**નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નંબર : ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોરના** કેસમાં એવા સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છેકે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ અદાલતને કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પાના નંબર : ૭૨૧ ઉપર પેરા –૨૧માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાંય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

<u>**હુકમ**</u>

આ કામના તહોમતદારને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૬૪** (ક્રિ.પ્રો. કોડની કલમ : ૨૪૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ : **૬૬(૧)(બી)**ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/–(અંકે રૂપીયા બસો પુરા) કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન–૦૨ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે. સીટીંગ/ નેશનલ લોક અદાલત વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

સ્થળ: દાંતા
તારીખ: ૧૧/૦૭/૨૦૨૬

(એસ.ડી.ત્રિપાઠી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, દાંતા
**(GJ01402)**